ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/ 4248 તારીખ : 10 DEC 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૧/૨૦–૨૧

પ્રતિ,
**શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ,**
મું.ઉમરડા,
તા.મૂળી,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૧૩૯ ૮૨૫૦૪**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૦૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/૨૬૧૭ તા.૩૦/૦૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/૩૬૮૯ તા.૨૨/૧૦/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/૩૯૩૨ તા.૧૧/૧૧/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/૪૦૭૬ તા.૨૬/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૧૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ; પેટા વિભાગીય કચેરી, મૂળી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૧/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– ૦૫/૧૨/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ** – ( વાદી પોતે )

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ, મું.ઉમરડા, તા.મુળી, જી.સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૧/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૧/૨૦–૨૧/૨૬૧૭ તા.૩૦/૦૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૧૧/૨૦૨૦, તા.૨૪/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ પોતે હાજર રહેલ નહી, **તથા ૦૫/૧૨/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☛ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ મુળી પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવેલ ઉમરડા ગામના રહીશ છે. જેઓ દ્વારા ખેતીવાડી વિજ કનેકશન માટે રેવન્યુ સર્વે નંબર–૨૭૦ પૈકી ૧ માં તા.૩/૧૧/૨૦૧૭ ના રોજ મુળી પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ હતી.

૧.૨ તા.૦૩/૧૧/૨૦૧૭ ના રોજ મુળી પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ હોવા છતાં, અરજદારને અંદાજપત્ર આપવામાં આવેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી દ્વારા તા.૦૩/૧૧/૨૦૧૭ ના રોજ રસીદ નં–૪૪૧૪૯૫ થી નવા ખેતીવાડી વિજ કનેકશન માટે અરજી કરેલ હતી. ત્યારબાદ, મુળી પેટા વિભાગીય કચેરી દ્વારા વિજ કનેકશન માંગેલ, તે સ્થળ પર પાણીના બોર ના હોવાથી, તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ નોટીસ મોકલવામાં આવેલ હતી.

૨.૨ વાદી દ્વારા તા.૧૦/૦૧/૨૦૧૯ ના રોજ મુળી પેટા વિભાગીય કચેરી એ માંગેલ ખેતીવાડી વિજ જોડાણ વાળી જગ્યાએ બોર કરાવેલ છે. જેની જાણ લેખિત માં કરેલ છે.

૨.૩ ત્યારબાદ, પ્રતિવાદી દ્વારા સદર વિજ જોડાણ નું પુનઃ સર્વે કરી, શ્રી વિરજીભાઈ ને તારીખ ૩૦/૦૧/૨૦૧૯ ના રોજ આઉટવર્ડ નંબર–૪૯૪ થી અંદાજપત્રક રજીસ્ટર્ડ એ.ડી.થી મોકલાવેલ. જેની ગ્રાહક ને સદર અંદાજપત્ર મળી ગયાની સ્લીપ ની નકલ આ સાથે સામેલ છે. અંદાજપત્રક ભરવાની છેલ્લી તા.૨૫/૦૨/૨૦૧૯ હતી. જે અંદાજપત્રક નિયત સમય મર્યાદામાં નહી ભરવામાં આવતા, વાદીની અરજી દફતરે કરવામાં આવી હતી. સદર બાબતે પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ તા.૧૯/૦૮/૨૦૨૦ ના જવાબ ની નકલ આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી વિરજીભાઈ ઝવેરભાઈ, ગામ–ઉમરડા, તા.મુળી એ રેવન્યુ સર્વે નં–૨૭૦/૧ માં તા.૩/૧૧/૨૦૧૭ ના રોજ ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી એ વાદીના નવા વિજ જોડાણ માટે સ્થળ પર સર્વે કરતાં માલૂમ પડેલ કે, પાણીનો બોર ન હોવાથી, તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ પત્ર નં–૧૩૦૧૨ થી વાદીને નોટીસ આપેલ. ત્યારબાદ, વાદીએ તા.૧૦/૦૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી ને તેની ખેતી ની જમીન પર પાણીનો બોર કરવા અંગેની લેખિત જાણ કરેલ.

૩.૩ પ્રતિવાદી એ જરૂરી સર્વે ની કાર્યવાહી કર્યા બાદ, વાદી વિરજીભાઈ ને પત્ર નં–૪૯૪ તા.૩૦/૦૧/૨૦૧૯ થી નવા ખેતીવાડી વિજ જોડાણ આપવા માટેનું અંદાજપત્ર રૂા.૭,૮૫૩/– નું આપેલ. જે વાદીએ તા.૨૫/૦૨/૨૦૧૯ સુધીમાં ભરપાઈ કરવાનું થતુ હતુ. પ્રતિવાદીએ વાદીને આ અંદાજપત્ર રજી.એ.ડી.પોસ્ટ થી મોકલાવેલ. જેની એકનોલેજમેન્ટ(રસીદ) પ્રતિવાદી એ ફોરમને રજૂ કરેલ છે.

૩.૪ વાદી એ સદર અંદાજપત્ર સમયમર્યાદામાં નહી, તેમજ અંદાજપત્ર ભરવાની સમય મર્યાદા વધારવા માટે, પણ અરજી કરેલ નહી. તેથી, વાદીની નવા વિજ જોડાણ માટે ની અરજી રદ કરેલ.

૩.૫ વાદી એ ફોરમને તેઓએ માંગેલ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અંદાજપત્ર આપવા માટે રજૂઆત કરેલ છે.

૩.૬ પારા નં–૩.૪ મુજબ વાદીએ અંદાજપત્ર ન ભરેલ હોય, વાદીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે. +**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. રાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૦૫/૧૨/૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar